# વર્લ્ડ હેરિટેજ સાઈટમાં સ્થાન પામેલા ધોળાવીરાની મુલાકાતે મુખ્યમંત્રી

**વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રયાસોની સફળતાના પરિણામે ધોળાવીરાને વર્લ્ડ હેરિટેજ સાઈટમાં સ્થાન મળ્યું છે : ગુજરાત સરકાર આ વિરાસત સ્થાનને વર્લ્ડ ટુરિઝમના મેપ પર અંકિત કરવા સમયાનુકૂળ વિકાસ આયોજન કરશે**



મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલે તાજેતરમાં વર્લ્ડ હેરિટેજ સાઈટમાં સ્થાન પામેલા પ્રાચીન નગર સંસ્કૃતિની વિરાસત ધરાવતા ધોળાવીરાની રવિવારે મુખ્ય સચિવશ્રી પંકજકુમાર સાથે મુલાકાત લીધી હતી. શ્રી ભૂપેન્દ્ર પટેલ રવિવારે સવારે કચ્છના ધોળાવીરા પહોંચ્યા હતા.

તેમણે માંડવી મુન્દ્રાના ધારાસભ્ય શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા, જિલ્લા કલેકટર શ્રીમતી પ્રવિણા, આર્કયોલોજીના અધિકારીઓ, એપીએમસી ભુજના ચેરમેન શ્રી કેશુભાઈ પટેલ, એકલ માતા મંદિરના મહંત શ્રી દેવનાથ બાપુ અને અન્ય અધિકારીઓ સાથે ધોળાવીરાના વિવિધ સ્થળો અને પ્રાચીન નગર રચના વગેરે રસ પૂર્વક નિહાળ્યા હતા.

મુખ્યમંત્રી શ્રીએ ધોળાવીરામાં પુરાતન સમયમાં સુઆયોજિત નગર રચના અને ખાસ કરીને તત્કાલીન સમયે વરસાદી પાણીના સંગ્રહ માટે, જળ સંચય માટેની જે વ્યવસ્થાઓ હતી તેની પણ જાણકારી પુરાતત્વ વિભાગના અધિકારીઓ પાસેથી મેળવી હતી.



તેમણે પુરાતત્વ વિભાગ દ્વારા ધોળાવીરાની આ પ્રાચીન ધરોહરના અવશેષો, પુરાતત્વીય વસ્તુઓની જાળવણી માટેના મ્યુઝિયમની મુલાકાત લઈને પ્રેઝન્ટેશન પણ નિહાળ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ અહી વસતા જાણકારો સાથે પણ વાતચીત કરી હતી.

શ્રી ભૂપેન્દ્ર પટેલે વિઝીટ બુકમાં પોતાનો પ્રતિભાવ નોંધતા કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રયાસોની સફળતાને પરિણામે હવે આ સ્થળને વર્લ્ડ હેરિટેજ સાઈટમાં સ્થાન મળતા વૈશ્વિક સ્તરે જે મહત્વ વધ્યું છે તે સંદર્ભમાં રાજ્ય સરકારે પણ આ પ્રાચીન વિરાસતનું મૂળ સત્વ અને તત્વ જાળવી રાખીને સમયાનુકુલ વિવિધ વિકાસ કામોનું આયોજન હાથ ધર્યું છે.

ગુજરાતને વિશ્વના પ્રવાસન નકશામાં અંકિત કરવા ગુજરાત સરકાર કટિબદ્ધ છે .

મુખ્યમંત્રી શ્રીને ધોળાવીરાની ૫૦૦૦ વર્ષ જુની આ ધરોહરની વિશેષતાઓ અને હજુ સંસ્કૃતિ દર્શનની અનેક સંભાવનાઓ તેમજ પ્રવાસીઓને મળી રહેલી માહિતી સહિતની સમગ્રતયા વિગતો પુરાતત્વ અને સંગ્રહાલય વિભાગના પૂર્વ નિયામક શ્રી યદુવીરસિહ રાવતે આપી હતી.

# સેકટર-૪ માં દુકાનમાંથી ચા,ખાંડ અને તેલના ડબ્બાની ચોરી કરનાર દંપતિ પકડાયું

ગાંધીનગર, તા.૧૩

શહેરના સેકટર-૪ શોંપીગ સેન્ટરમાં કરિયાણાની દુકાનમાંથી ચા-ખાંડ અને તેલના ડબ્બા, ઘી અને અન્ય ખાદ્ય ચીજવસ્તુઓની ચોરી થઈ હતી. બનાવ અંગે સેકટર-૭ પોલીસ મથકે ગુનો નોંધાતા પોલીસે તપાસ કરતા કરીયાણાની દુકાનમાંથી કાનની બુટ્ટીનું ઝુમ્મર મળી આવ્યું હતું. જેથી સેકટર-૭ની સર્વેલન્સની ટીમે ચોરી કરનાર પતિ-પત્નિને પકડી પાડીને ગણતરીના કલાકોમાં ચોરીનો ભેદ ઉકેલી દીધો હતો.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૪ સી પ્લોટ નં.૫૬૫-૨ ખાતે રહેતા કનુભાઈ પરષોતમદાસ પ્રજાપતિ (ઉં.૫૩) સેકટર-૪ માં છેલ્લા પંદર વર્ષથી કરિયાણાની દુકાન ચલાવે છે. ગત તા.૧૦ ના રોજ રાત્રીના આશરે સાડા નવ વાગે દુકાનમાં કરીયાણાનો માલ-સામાન અંદર મુકી દુકાનના શટરને લોક મારી બંધ કરી ઘરે ગયા હતા. ત્યારે તેમનો દિકરો તા.૧૧ ના રોજ સવારના સમયે દુકાન ખોલવા માટે આવ્યો હતો. તે દરમિયાન દિકરાએ તેના



પિતાને ફોન કરી જાણ કરી હતી કે પપ્પા દુકાનના શટરને લોક માર્યુ હતુ તે લોક તુટેલી હાલતમાં છે અને શટર ખુલ્લી હાલતમાં છે. જેથી કનુભાઈ તાત્કાલીક દુકાન ખાતે દોડી ગયા હતા. તેઓએ દુકાનમાં તપાસ કરી તો તેલના ડબ્બા નંગ-૩, તેલના ૫ લીટરના ગેલેરીયા નંગ-૧૨, ખાંડ, વાઘબકરી ચા ના પેકેટ, અમુલ અને મધુરના ઘી ના પેકેટ તેમજ સંતુર સાબુના પેકેટ મળી કુલ રૂ.૨૩,૫૮૬ની મત્તાની ચોરી થતા વેપારીએ સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી હતી. જેને પગલે સર્વેલન્સની ટીમે તપાસ આરંભી હતી. જેમાં દુકાનમાંથી મહિલાને કાનમાં પહેરવાનું બગસરાનું ઝુમ્મર મળી આવ્યું હતું. ચોરીમાં મહિલાની પણ સંડોવણી હોવાનું જણાયું હતું. પીઆઈ ડી.એસ.ચૌધરીની સુચનાથી ચોરીના ગુનામાં પકડાયેલ મહિલાઓના લીસ્ટની માહિતી એકઠી કરી હતી.ત્યારબાદ સર્વેલન્સની ટીમ સેકટર-૨૩ કડી સ્કુલ પાસે કાચા છાપરામાં રહેતી સોનલ ઉર્ફે કાળી અશોક દાતણીયા સુધી પહોંચી ગઈ હતી. જયારે સોનલના એક કાનમાં બુટ્ટી પહેરેલી હતી, તેવી જ ઝુમ્મરવાળી બુટ્ટી દુકાનમાંથી મળી હતી. પોલીસે સોનલના છાપરામાં અને પતિ અશોક ઉર્ફે ભુરો અશ્વિનભાઈ દાતણીયા ની રીક્ષામાં તલાશી લેતા ઘીના પાઉચ, તેલના ડબ્બા, તેલના કેરબા, ચાના પાઉચ, ખાંડના પેકેટ સહિત કરીયાણાની ચીજવસ્તુઓ અને સીએનજી રીક્ષા મળી કુલ રૂ.૧,૨૩,૫૮૬ નો મુદ્દમાલ સાથે સોનલ અશોક દાતણીયા અને અશોક અશ્વિન દાતણીયાને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# રાંધેજા માંડવી ચકલા પાસેથી ૧૪ જુગારી ઝડપાયા

ગાંધીનગર,તા.૧૩

રાંધેજાના માંડવી ચકલા ખાતે ગત મોડી રાત્રે થાંભલાની લાઈટના અજવાળે જુગાર રમી રહેલા ૧૪ શકુનીઓને પેથાપુર પોલીસે દબોચી લીધા છે. જયારે પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ.૨૯ હજારનો મુદ્દામાલ અને જુગારધારા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પેથાપુર પોલીસ મથકના જવાનો રાત્રીના સમયે પેટ્રોલીંગમા હતા તે સમયે રાંધેજા નાકા પોઈન્ટ પાસે આવતા બાતમી મળી હતી કે રાંધેજા માંડવી ચકલા કુંડાળુ વળીને લાઈટના અજવાળે કેટલાક શખ્સો બાજી માંડીને બેઠા છે. જેથી પોલીસ બાતમીવાળી જગ્યાએ પહોંચતા જુગારીઓમાં નાસભાગ મચી ગઈ હતી. પોલીસને જોતા જુગારીઓ ડરી ગયા હતા. તમામ જુગારીઓને પોલીસે પકડી પાડ્યા હતા. પોલીસે જુગારીઓની નામ પુછતા કનુજી અમાજી ઠાકોર, પ્રકાશ પ્રતાપજી ઠાકોર, નરેશ કાળાજી ઠાકોર, વિક્રમ ગોપાળજી ઠાકોર, મહેશ બચુજી ઠાકોર, સંજય શકરાજી ઠાકોર, જગદીશ પ્રતાપજી ઠાકોર, મહેશ કનુભાઈ પટેલ, રમેશ જીવણજી ઠાકોર, ગાભાજી જોઈતાજી ઠાકોર, ભરત ગાંડાજી ઠાકોર, રણજીત છનાજી ઠાકોર, આરીફ અકબરસા દિવાન,અને પૂનમ વરવાભાઈ રાવળ હોવાની કબુલાત કરી હતી. પોલીસે જુગારીઓની અંગજડતી લેતા રૂ.૨૪,૩૫૦ અને દાવ પરથી રૂ.૨,૨૩૦ તેમજ પાંચ મોબાઈલ મળી કુલ રૂ.૨૯ હજારનો મુદ્દામાલ કબ્જે કરી તમામ જુગારીઓ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી શરુ કરી છે.

# કચ્છના સરહદના સંત્રીઓની મુલાકાત લેતા મુખ્યમંત્રી

**જવાનોની દેશભાવના-રક્ષાભાવના અને કર્તવ્ય પરાયણતાની સરાહના કરતાં મુખ્યમંત્રીશ્રી**



મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે રવિવારે કચ્છના ધોળાવીરાની તેમની મુલાકાત બાદ કચ્છની સરહદની રખેવાળી કરતા બોર્ડર સિક્યુરિટી ફોર્સ-મ્જીહ્વના જવાનો અને અધિકારીઓની મુલાકાત લઈ તેમની સાથે સંવાદ કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ સીમા પારની ઘૂસણખોરી અટકાવવા તથા દેશની સુરક્ષા માટેની આ જવાનોની દેશ સેવા ભાવના અને કર્તવ્ય પરાયણતાની સરાહના કરી હતી.

આ મુલાકાત વેળાએ મુખ્ય સચિવ શ્રી પંકજકુમાર, કલેકટર શ્રી પ્રવીણા ડી.કે, ધારાસભ્ય શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# સુરત આમ આદમી પાર્ટીના બે કોર્પોરેટર સંપર્ક વિહોણા

**પાર્ટીનો છેડો ફાડે તેવી શક્યતા**

સુરત, તા.૧૩

સુરત આમ આદમી પાર્ટી (છછઁ)માં ફરી એકવાર ગાબડાનાં એંધાણ વર્તાઈ રહ્યા છે. થોડા દિવસ પહેલા જ પાર્ટીના ૪ મહિલા સહિત પાંચ કોર્પોરેટર્સ ભાજપમાં જોડાયા હતા. ત્યારે હવે વધુ બે કોર્પોરેટર પાર્ટીનો છેડો ફાડી શકે છે. મીડિયા રિપોર્ટ અનુસાર છેલ્લા ૨૪ કલાકથી બંને કોર્પોરેટરોના ફોન બંધ હોવાથી તેઓ સંપર્ક વિહોણા બન્યા છે. ત્યારે સુરત આપને વધુ એક ઝટકો લાગી શકે છે. જો આવું થાય તો ગુજરાત વિધાનસભાની ચૂંટમી પહેલા સુરત આપમાં મોટી મુશ્કેલીઓ ઉભી થઈ શકે છે.

મીડિયા રિપોર્ટ અનુસાર સુરતમાં મહિલા કોર્પોરેટરનો ફોન છેલ્લા ૨૪ કલાકથી બંધ હોવાથી પાર્ટીમાં ચિંતાનો માહોલ છે. મહિલા કોર્પોરેટર ક્યાં છે તે અંગે કોઈને કશું જ ખબર ન હોવાનું જાણવા મળ્યું છે. ત્યારે ગુમ થયેલા કોર્પોરેટર પાર્ટી છોડી શકે છે તેવી ચર્ચાઓ ચાલી રહી છે. અગાઉ ચાર મહિલા કોર્પોરેટર સહિત પાંચ કોર્પોરેટરોએ પાર્ટી છોડી હતી. જો આવું જ ચાલતું રહ્યું તો સુરતમાં પાર્ટીની ઓફિસે તાળા લાગી શકે છે.ઉલ્લેખનીય છે કે, ૪ ફેબ્રુઆરીના રોજ સુરત મહાનગરપાલિકાના પાંચ કોર્પોરેટરોએ ભાજપનો ખેસ ધારણ કરી પાર્ટીને ઝાટકો આપ્યો છે. હજુ લગભગ આટલા જ કોર્પોરેટરો ગમે ત્યારે છેડો ફાડે એવી શક્યતા છે. બીજી તરફ આમઆદામી પાર્ટીએ વધુ એક વખત ભાજપ ઉપર ધાકધમકી, લોભ, લાલચથી પોતાના કોર્પોરેટરોને લઈ ગયા હોવાનો આરોપ મૂકતા ભાજપે ફગાવી દીધો હતો. ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં છછઁ ભાજપ સામે પડકાર ઊભો કરે એ પહેલાં જ એમાં ભંગાણ પડવાની શરૂઆત થઈ છે. અઠવાડિયા પહેલા સુરતના આપના ૫ કોર્પોરેટર્સે કેસરિયો ખેસ ધારણ કર્યા બાદ હવે પાર્ટીના કેટલાક કોર્પોરેટરો પાર્ટીનો છેડો ફાડે તેવી શક્યતા છે. પ્રાપ્ત માહિતી અનુસાર ભાજપમાં જોડાયેલા આપ પાર્ટીના પાંચેય નગરસેવકોનું સભ્યપદ રદ કરવાની રજુઆત દરમિયાન ૮ કોર્પોરેટરો ગેરહાજર રહ્યાં હોવાથી મોટું સસ્પેન્સ સર્જાયું હતું.

# મોતને વ્હાલું કરવા પહોચેલી પરિણીતાને બચાવી લેતી અભયમ્

**દસ વર્ષના લગ્ન જીવન પછી પતિએ પણ શારીરિક માનસિક ત્રાસ આપી ઘરમાંથી કાઢી મુકતા મહિલા આપઘાત કરવા કેનાલ પર પહોંચી ગઈ હતી**

ગાંધીનગર તા.૧૩

ગાંધીનગરમાં અભયમ્ હેલ્પલાઈનની ટીમે જીંદગીથી નાસીપાસ થઈને મોતને વ્હાલું કરવા નર્મદા કેનાલે પંહોચેલી એક મહિલાનો સમયસૂચકતા સાથે જીવ બચાવવામાં સફળતા મેળવી છે. આ પરિણીત મહિલાને બચાવી તેને સખી વન સ્ટોપ કેન્દ્ર ખાતે આશરો આપવામાં આવ્યો છે.

જીવન કોને ક્યારે કેવી પરિસ્થિતિમાં લાવીને મૂકી દે તે કોઈ જાણી શક્યું નથી. આત્મહત્યા જેવું પગલું ભરવાનો નિર્ણય અયોગ્ય છે પરંતુ તે માનવી નાછુટકે લેતો હોય છે. જન્મીને છ મહિનાની ઉંમરમાં જેને માતાની છત્રછાયા ગુમાવી અને પિતાએ બીજા લગ્ન કરી લેતાં મોસાળમાં ઉછરેલી ગાંધીનગરની એક પરિણીતાને તેના લગ્નજીવનમાં પણ દુ:ખના ડુંગર ઉંચકવાના આવતાં તે હારીને નર્મદા કેનાલ પર જીવનનો અંત આણવા પંહોચી તો ગઈ પરંતુ ખરા સમયે ત્યાં આવી પહોચેલા એક શખ્સે તેણે અભયમ્ હેલ્પલાઈનને જાણ કરી દેતાં અને અભયમ્ ટીમની સમયસૂચકતા સાથેના બચાવકાર્યને પગલે મહિલાનો જીવ બચી જવા પામ્યો છે. દસ વર્ષના લગ્ન જીવન પછી પતિએ પણ શારીરિક માનસિક ત્રાસ આપી ઘરમાંથી કાઢી મુકતા મહિલા આપઘાત કરવા કેનાલ પર પહોંચી ગઈ હતી. જોકે, અભયમ્ મહિલા હેલ્પ લાઈનની ટીમે ત્વરિત પહોંચી જઈ પરિણીતાને બચાવી સખી વન સ્ટોપમાં આશરો અપાવી રાહતનો દમ લીધો હતો. આ મહિલાના મામા કચ્છ હોવાથી અત્યારે મહિલાને સખી વન સ્ટોપ કેન્દ્ર ખાતે આશરો આપવામાં આવ્યો છે.

# રાજ્યમાં કેસ ઘટ્યા : નવા ૧૨૭૪ કેસ નોંધાયા : ૩૦૨૨ દર્દી રિકવર

ગાંધીનગર, તા.૧૩

ગુજરાતમાં કોરોનાના આંકડા સતત ઘટી રહ્યા છે. રાજ્યમાં આજે ૧૨૭૪ કોરોનાના કેસ આવ્યા છે. તો બીજી તરફ ૩૦૨૨ દર્દીઓ સાજા થઈ ચુક્યા છે. અત્યાર સુધીમા કુલ ૧૧,૯૦,૨૭૧ દર્દીઓ સાજા થઈ ચુક્યા છે. જેના પગલે કોરોનાનો રિકવરી રેટ પણ સુધરીને ૯૭.૯૪ ટકાએ પહોંચી ચુક્યો છે. તો બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. આજે કુલ ૭૮૧૦૭ કુલ ડોઝ અપાયા હતા.

બીજી તરફ એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં કુલ ૧૪૨૧૧ એક્ટિવ કેસ છે. જે પૈકી ૧૦૩ વેન્ટીલેટર પર છે. જ્યારે ૧૪૧૦૮ સ્ટેબલ છે. ૧૧૯૦૨૭૧ નાગરિકો અત્યાર સુધીમાં ડિસ્ચાર્જ થઈ ચુક્યાં છે. ૧૦૮૦૮ નાગરિકોનાં કોરોનાને કારણે કુલ મોત થઈ ચુક્યાં છે. આજે કોરોનાને કારણે કુલ ૧૩ નાગરિકોનાં મોત થઈ ચુક્યાં છે. રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે.

## ગેંગ પકડાઈ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેઓને સહી સલામત છોડાવવા રેસ્ક્યુ કરી બાળકો સહિત કુલ-૧૫ નાગરીકોને હેમખેમ છોડાવ્યા હતા. ત્યારબાદ ૧૫ નાગરીકોને રેલ-હવાઈ માર્ગે ગાંધીનગર લાવી એલસીબી-૨ પોલીસ દ્વારા પુછપરછ કરતા જાણવા મળ્યું છે કે... અમદાવાદનો એજન્ટ રાજેશ નટવરલાલ પટેલ દ્વારા વિદેશ જવા ઈચ્છુક વ્યકિતઓને દિલ્હી-કોલકત્તા ખાતે મોકલી આપવામાં આવ્યા હતા. જયાં સુશિલ રોય અને સંતોષ રોય તેમજ કમલ સિંઘાનીયા નામના વ્યકિતઓ ભેગા મળીને આ નાગરીકોને ગેરકાયદેસર ગોંધી રાખીને તેઓની પર અમાનવીય ત્રાસ ગુજાર્યો હતો.ત્યારપછી પરિવારના સભ્યો સાથે બંદુકની અણીએ ધમકી આપી ફોન પર વાત કરાવી કેનેડા પહોંચી ગયા છીએ તેમ બોલાવડાવી પરિવાર પાસેથી અલગ અલગ રકમ મળી કુલ રૂ.૨ કરોડ ૩૧ લાખ જેટલી રકમ ખંડણી સ્વરુપે વસુલી હોવાનું પ્રકાશમાં આવ્યું છે. તમામ નાગરીકોને તેમના ઘરે સહી સલામત સોંપવામાં આવ્યા છે.જયારે આ ગેંગ દ્વારા અગાઉ પણ આ પ્રકારના ગુનાઓને અંજામ આપેલ હોવાનું જણાઈ આવ્યું છે. જયારે પોલીસે એજન્ટ રાજેશ નટવરલાલ પટેલની અટકાયત કરી બાકીના આરોપીઓની શોધખોળ ચાલુ છે.

## રાત્રે શિયાળો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મોસમના હાલ વચ્ચે બેવડી ઋતુએ વાતાવરણ પર કબજો જમાવ્યો છે. ડબલ સિઝનની પ્રબળ અસરથી જનજીવન પ્રભાવિત છે. એકબાજુ દિવસે ગરમીનુ પ્રમાણ વધતા નગરજનો ઠંડા થવાના મુડમાં રહે છે. જયારે સાંજ ઢળતા જ વાતાવરણમાં કાતિલ ઠંડીનુ મોજુ ફરી વળે છે. શહેરમાં ગરમી શરૂ થઈ ગઈ છે ત્યારે હજુ ઠંડીની મોસમે વિદાય લીધી નથી. ઠંડીનો પારો સતત બીજા દિવસે પણ સિંગ્લ ડીઝીટમાં આવી જતા શહેરીજનો ફરી એકવાર ગરમ કપડામાં સજ્જ જોવા મળે છે. રાત્રિના સમયે નગરના જનજીવન પર ઠંડીની અસર વર્તાઈ રહી છે. સાંજ ઢળતા જ શહેરના મુખ્યમાર્ગો તેમજ સેકટરોના આંતરિક વિસ્તારમાં સુનકાર વ્યાપી જાય છે. એકબાજુ કોરોના કાળમાં કરફયુનો સમય ઘટાડી દેવાયો છે. રાત્રિના ૧૨ કલાકથી કરફયુનો અમલ શરૂ થાય છે પરંતુ આકરી ઠંડીના લીધે નગરજનો રાત્રિના ૧૦ બાદ આમ પણ ઘરની બહાર નિકળવાનુ ટાળી રહ્યા છે.

## નવા ૨૮ કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શહેરમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે ૧૧૫ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં રિકવરી રેટ ૮૫ ટકાથી ઉપર પહોંચ્યો હોવાનુ તંત્રના સૂત્રોએ સ્વીકાર્યુ છે.

શહેરમાં આજે ૫૪૦ જેટલા દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. માઈલ્ડ સિમ્ટમ્સને કારણે દર્દીઓ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કરી રહ્યા હોવાથી હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે કરવામાં આવે તેવી કડક તાકીદ કરવામાં આવી છે. શહેરમાં ૨૫૦૦થી વધુ લોકોને હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

## ૨૬ કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આદરજ મોટી, ડભોડા, ચંદ્રાલા, ગિફ્ટસીટી, ઉવારસદમાંથી કેસ મળી આવેલ છે.

કલોલ તાલુકામાં જાસપુરમાં ૫ કેસ, કલોલ શહેરમાં ૨ કેસ અને ધમાસણમા ગામેથી એક કેસ મળી આવેલ છે.

માણસા તાલુકાના આમજા ગામેથી એક કેસ મળી આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૨૪૦ થી વધુ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે ૫૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ અપાયુ છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે ૪ હજારથી વધુ લોકો હોમ ક્વોરોન્ટાઈન હેઠળ છે.

## શહેરના સર્કલો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પરંતુ વાઈબ્રન્ટનુ આયોજન પડતુ મુકાતા સર્કલોની જાળવણીનો મુદ્દો પણ અધ્ધરતાલ રહ્યો છે. કેટલાક સર્કલોનુ કામ પુર્ણ કરી દેવાયુ છે પરંતુ ઘણાંખરા સર્કલો હજુ પણ કંગાળ હાલતમાં જોવા મળી રહ્યા છે. નગરના મુખ્યમર્ગો પર સ્થિત સર્કલો નગરની આગવી ઓળખ બની ગયા છે. પરંતુ છેલ્લા ઘણાં સમયથી સર્કલો પ્રત્યે ઉદાસીનતા સેવતા તંત્રના લીધે સર્કલોની રોનક ઓસરી ગઈ છે. નગરના મુખ્ય ઘ માર્ગ પર અન્ડર પાસનુ નિર્માણ કરાયા બાદ વિશાળકાય ઘ-૪ નુ સર્કલ પણ દુર કરી દેવાયુ છે. જેના લીધે પણ સર્કલ પ્રેમી નગરજનોમાં આક્રોશ પ્રવર્તયો છે. બીજીતરફ હાલ શહેરમાં હાલની સ્થિતિએ અસ્તિત્વ ધરાવતા સર્કલોની કંગાળ હાલતને અનુલક્ષીને પણ નગરજનો આક્રોશ વ્યકત કરી રહ્યા છે. સર્કલોની જાળવણી નુ કામ હાથ ધરવા સહીત વર્ષોના અંતે હવે સર્કલોને નવા થીમ પર વિકસાવવા જોઈએ તેવો પણ સુર ઉઠવા પામ્યો છે. સ્માર્ટ સીટી બનવા તરફ આગળ વધતા શહેરમાં માર્ગોની સુધારણા અને અપગ્રેડેશન પાછળ પણ તોતિંગ ખર્ચ થાય છે ત્યારે માર્ગ વચાળે સ્થિત સર્કલોને પણ સ્માર્ટ બનાવવા માટે યોગ્ય આયોજન થાય તેવી પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

## ભણકારા

● અનુસંધાન પહેલાનું ચાલુ

તાત્કાલિક ઝડપથી રશિયાના દરિયાઈ વિસ્તારમાં ભાગી ગઈ. આ ઘટનાથી ભડકેલા રશિયાએ અમેરિકાના સંરક્ષણને જાણ કરી અને આ પ્રકારની ઘટના અને સજાગ કર્યું. અમેરિકાએ રશિયાના આ આરોપોને ફગાવ્યા છે.

રશિયાના મીડિયા મુજબ અમેરિકાની સબમરીનની આ ઘૂસણખોરી કુરીલ દ્વીપ સમૂહ પાસે જોવા મળી જે જાપાનની સાથે આવેલી છે. રશિયાનું સૈન્ય આ સમયે આ વિસ્તારમાં સૈન્ય અભિયાસ કરી રહ્યું છે. આ દ્વીપ પર દ્વિતીય વિશ્વ યુદ્ધ પછી રશિયાએ કબજો કરી લીધો હતો પરંતુ જાપાન તેના પર દાવો કરે છે. અમેરિકા પોતાની વર્જીનિયા ક્લાસ સબમરીનનો ઉપયોગ

મોટાભાગે એન્ટી સબમરીન યુદ્ધ અને ઈન્ટેલિજન્સ માહિતી એકઠી કરવા માટે કરે છે. આ બધા વચ્ચે અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ જો બાઈડને રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિનને લભગ ૬૨ મિનિટ સુધી ચાલેલી વાતચીત બાદ જોરદાર કાર્યવાહીની ચેતવણી આપી હતી.

બાઈડને રશિયાની ચેતવણી આપી પરંતુ યુક્રેન પર આક્રમણ કરે તો અમેરિકા અને તેના સહયોગી મજબૂતાઈ સાથે જવાબ આપશે, જેની ભારે કિંમત ચૂકવવી પડશે. બાઈડને પુતિનને કહ્યું, "આક્રમણનું પરિણામ વ્યાપક માનવીય પીડા હશે અને રશિયાની છબી ખરાબ થશે. સાથે બાઈડને પુતિનને એ પણ કહ્યું કે અમેરિકા યુક્રેન પર કૂટનીતિ ચાલુ રાખશે, પરંતુ અન્ય પરિદશ્યો માટે પણ સમાન રીતે તૈયાર છે." અમેરિકાએ પોતાના હજારો સૈનિકોને પોલેન્ડ અને રશિયા સાથે જોડાયેલા નાટો દેશોમાં તૈનાત કર્યા છે.

પરમાણુ શક્તિથી ચાલતી ફાસ્ટ અટેક વર્જીનિયા ક્લાસની સબમરીન ટોમહૉક ક્રૂઝ મિસાઈલો ધરાવે છે. સ્ટીલ્થ ફીચર ધરાવતી હોવાથી દુશ્મનોના રડાર આ સબમરીનને ડિટેક્ટ કરી શકતા નથી. એન્ટી સબમરીન વોરફેરમાં આ સબમરીનની દુનિયામાં કોઈ તોડ નથી. અમેરિકાની સેનામાં તેને લોસ એન્જેલસ ક્લાસ સબમરીનના જગ્યાએ કમીશન કરાઈ હતી. આ ક્લાસની સબમરીન અમેરિકાની નૌસેનામાં ૨૦૬૦થી ૨૦૭૦ સુધી સર્વિસમાં રહેશે. અમેરિકાની નેવી પાસે આવી ૬૬ સબમરીન બનાવવાની યોજના છે, જેમાં ૧૯ હજુ એક્ટિવ છે જ્યારે ૧૧ સબમરીન બનાવવામાં આવી રહી છે. આ સિવાય ૬ સમબરીનનો ઓર્ડર આપવામાં આવ્યો છે.

બીજી તરફ રશિયા પર પોલેન્ડની સરહદ પાસે પરમાણુ હથિયાર લઈ જવાની ક્ષમતા ધરાવતા મિગ-૩૧ વિમાન તૈનાત કરી રહ્યું છે.

પુતિને તેમણે ફ્રાન્સના રાષ્ટ્રપ્રમુખને કહ્યું કે તેઓ ફરી એકવાર ભાર મૂકવા માગે છે કે જો યુક્રેન નાટોમાં જોડાશે તો યુરોપના દેશો પણ રશિયા સાથે જંગમાં ખેંચાઈ જશે.

## વિદેશી મહિલા

● અનુસંધાન પહેલાનું ચાલુ

આવેલી મહિલાને શકના આધારે અટકાવી હતી. જે પછી એની પાસેથી ૭ કિલોની આસપાસ હેરોઈન પાઉડર અને મેથામફેટામાઈનનો ૧.૪૮૦ કિલોનો જથ્થો મળી આવ્યો હતો. અધિકારી મુજબ જપ્ત કરવામાં આવેલા ડ્રગ્સની બજાર કિંમત આશરે ૬૦ કરોડ રુપિયા છે.

કસ્ટમ ઓફિસરના જણાવ્યા અનુસાર, ઝિમ્બાબ્વેની દાણચોરને હોસ્પિટલમાં મેડિકલ ટેસ્ટ કરાવ્યા બાદ કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવી હતી, જે પછી અને કસ્ટડીમાં મોકલી દેવામાં આવી છે.

હાલમાં દેશના મુખ્ય શહેરો ખાસ કરીને દિલ્હી, મુંબઈ જેવા શહેરોના આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરથી ડ્રગ્સ કન્સાઈનમેન્ટ જપ્ત કરવાના કેસમાં વધારો થયો છે. અહીં સુધી પાકિસ્તાનના રસ્તે જમીન સરહદો દ્વારા પણ ભારતમાં ડ્રગ્સ સપ્લાય કરવાના કેસ વધી રહ્યા છે. લોકડાઉન ખુલતાની સાથે જ ગુજરાતના એક મુખ્ય પોર્ટ પર કરોડો રુપિયાની કિંમતનું ડ્રગ્સ ઝડપી લેવામાં આવ્યું હતું.